<u>અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર. નં. ૧૧૧૯૯૦૨૧૨૫૧૨૫૦/૨૦૨૫, પ્રોહી એકટ કલમ- ૬૫ (એ),(ઈ),૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબ ના ગુનાના આરોપી દેવારામ ઉર્ફે દિવ્યેશ ઉર્ફે દેવો મારવાડી S/O ભાગીરથરામ બિશ્નોઈ ,રહે. દીપમાલા સો.સા. રાંદેર સુરત શહેર તા. જી. સુરત જામીન અરજી લગત હુકમ:-</u>

---

1. હાલની જામીન અરજી વંચાણે લીધેલ છે તથા કેસ પેપર્સ વંચાણે લીધેલ છે. હાલની જામીન અરજી અન્વયે આરોપીના વી.વ.શ્રી.ને તથા ફરિયાદપક્ષે વી.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

2. હાલની અરજી પરત્વે આરોપીના વી.વ.શ્રી.નાઓ દ્વારા મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે, એફ.આઈ.આરમાં આરોપી વિરુદ્ધ કોઈ સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવેલ નથી અને આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, આરોપીને પોલીસે શક ઉપરથી પકડેલ છે. વધુમાં દલીલો કરતા જણાવેલ છે કે, અમારા કબજામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી કે અમારી માલીકીની જગ્યામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી તથા આરોપી ક્યાંય નાસી ભાગી જાય તેવી વ્યક્તિ નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું ચુસ્તપણે પાલન કરશે. નામદાર કોર્ટ જે રકમના જામીન રજૂ કરવાનો હુકમ કરશે તે મુજબના જામીન રજૂ કરવા તૈયાર છે. જેથી આરોપીને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

3. ફરિયાદ પક્ષ તરફે વી.એ.પી.પી.શ્રી રજુવાત કરી જણાવેલ છે કે, હાલના આરોપીએ ખુબજ મોટી માત્રામાં મુદ્દામાલ મંગાવેલ છે. જેથી આરોપી સામેની ગુનાની ગંભીરતા ધ્યાને લઈ જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

4. ઉભય પક્ષની દલીલો ધ્યાને લીધી તથા પોલીસ પેપર્સ વંચાણે લીધું. આ કામે ફરિયાદ હકીકત મુજબ હાલના આરોપી વિરુદ્ધ ધી પ્રોહી. એકટની કલમ-૬૫ (એ),(ઈ),૮૧ ,૯૮(૨),૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના ગુના સબબ આ કામની ફરિયાદ હકીકત ધ્યાને લેતા, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. હાલના આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ જોતા તે ૧૦ વર્ષ સુધીની સજા તથા રૂપિયા ૫ લાખ સુધીના દંડની છે.

5. હાલમાં ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો કાયદો અમલમાં છે ત્યારે આ કામે ફરિયાદની હકીકત ધ્યાને લેતા, આરોપીએ ખુબ જ મોટી માત્રમા મુદ્દામાલ મંગાવેલ છે.આમ આરોપીએ સમાજ વિરોધી કૃત્ય આચરેલા હોવાનું અને આવા કૃત્યને પાર પાડેલ હોવાનું અત્રેની કોર્ટને માનવાને પ્રથમ દર્શનીય કારણ રહેલું છે અને જો આવા ગંભીર ગુનામાં આરોપીને છોડી દેવામાં આવે તો આવું કામ કરતા આરોપીઓ આવો ગુનો કરવા માટે પ્રેરિત થશે અને સમાજમાં આવા ગુનાઓનું દુષણ વધતું જશે. જેથી સમાજમાં શાંતિથી રહેવા માંગતા નાગરિકો હેરાન થશે. આમ, આવા ગુન્હાને હળવાશથી લઈ શકાય નહિ અને વ્યક્તિગત સ્વતંત્રતા સામે સમાજ અને રાજ્યનું હિત, સલામતીનો પણ વિચાર કરવો જોઈએ.

6. આમ, ઉપરોક્ત કરેલ તમામ ચર્ચા તેમજ કેસના સંજોગો તેમજ કાયદામાં પ્રસ્થાપિત્ત કરેલ જામીન અરજીના સિદ્ધાંતો તેમજ આરોપી ઉપર નોંધાયેલ ગુનાની ગંભીરતા તથા કબ્જે કરેલ ગેરકાયદેસરનો મુદ્દામાલ વિગેરે હકીકતો લક્ષમાં રાખતા હાલની જામીન અરજી ના–મંજુર કરવાની વી.એ.પી.પી.શ્રીની રજુઆત સાથે અત્રેની કોર્ટ સંમત થતી હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા તેમજ ફરિયાદ પક્ષની રજુવાત ધ્યાને લેતા, આ અદાલતને જામીન અરજી મંજુર કરવાની વિવેકાધિન સત્તાનો ઉપયોગ આરોપીની તરફેણમાં કરવો ન્યાયોચિત જણાતું ન હોઈ ન્યાયના હિતમાં હાલની જામીન અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીની હાલની જામીન અરજી ના–મંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૮ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬

અંકલેશ્વર

**(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)**

જે.એમ.એફ.સી, અંકલેશ્વર

**Judge Code: GJ**01731